# –: અખ્બાર પુર અન્વારઃ–

**-: ઇસ્લાહે કૌમ અને પેહચાને મિલ્લતની બરકરારી વાસ્તે એક મુત્તફેકાના કોશિશની ઝરૂરત :-**

અલ્લાહતઆલા કુરઆને કરીમમાં સૂરતુર રઅદમાં ફરમાવે છે કે, "બિલાશક અલ્લાહ કોઈ કૌમમાં તબ્દીલી નહીં લાવે જહાઁ તક એ કૌમના લોગો ખુદ પોતાના અંદર તબ્દીલી પૈદા નહીં કરે. અને જે વક્ત પણ કોઈ કૌમ પર અલ્લાહ અઝાબ ઉતારવાનું ચાહે તો એને કોઈ રદ કરી શકે નહી અને તે અલ્લાહ સિવાય કોઈ મદદગાર નથી." રસૂલુલ્લાહ બાવાજી પણ કૌમો મિલ્લતની બુનિયાદની મઝબૂતી વાસ્તે ફરમાવે છે કે, **"જે વક્ત ઉમ્મતમાં બિદઅતો ઝાહિર થાવા લાગે તો આલિમ (ઇસ્લાહપસંદ શખ્સ) પર વાજિબ છે કે, બિદઅતોને મીટાવવા પોતાના ઇલ્મ-તજરૂબાને ઝાહિર કરે. જો તે એમ નહીં કરે તો તેના પર અલ્લાહની લાઅનત છે."**

આ તમામ ઈરશાદાત પાછલ હિકમત અને ઈબરતના ખઝાનાઓ છુપાયેલા છે. જે વક્ત કૌમ અને જમાઅતની અસ્લીયત અને ઈન્ફેરાદીયત પર આઁચ આવવાનો ડર વધી જાય અને તેની પેહચાનો શનાખ્ત પર બટ્ટો લાગવાનો ખતરો પૈદા થાય તેમજ સમાજની બંદિશ, રસ્મો રિવાજ, રિશ્તેદારીની બરકરારી, કુટુંબ-કુંબાના ઈખ્લાસ માં ઈન્તેશાર-બીગાડ એક હદને પાર કરી જાય તો આ ખતરાઓની નઝાકત તેમજ તેનાથી થાનાર નુકસાનને સમઝીને જમાઅતના ખૈરખ્વાહ અને ઈસ્લાહપસંદ મુમેનીનને એક ખયાલ અને એક રાય પર મુત્તફિક થઈને **જમાઅતમાં પૈદા થાનાર ખરાબીઓ અને બદીઓ મીટાવવા વાસ્તે બાહમી તદબીર કરવી જોઇએ.**

સાહબે દાઅવત હર બયાનો વાઅઝમાં મુમેનીનની ઝાતી અને સમાજી ઈસ્લાહો બેહબૂદી વાસ્તે હર ચંદ નસીહત અને પંદ તો કરે જ છે મગર હમણા ચંદ વરસોમો એક એવો કૌમી અને સમાજી મસ્અલો દરપૈશ આવો છે, જેના હલ વાસ્તે જમાઅતના હર તબકાના મુમેનીનની શિરકત અને કોશિશ દરકાર છે. જમાઅતમાં દીકરા-દીકરીની નિસ્બત વાસ્તે સુહૂલત, આઅલા તાઅલીમ યાફતા દીકરીઓ ગૈર કૌમના દીકરા સાથે શાદી કરી જમાઅતથી ખારિજ થઈ જાય છે તેની રોકથામ, માલી હાલતથી પસ્ત દીકરાઓ સાથે કોઈ દીકરી રિશ્તેદારી કરતી નથી, દીકરાઓ જે ગૈર કૌમની દીકરી સાથે નિકાહ કરે છે તેની બંદિશ અને દીગર નિસ્બત અને રિશ્તેદારીને લગતા મસ્અલા વાસ્તે માઝૂનુદાઅવત સૈયેદી હાતિમ ઝકીયુદ્દીન સાહબ (દામલ્લાહો મજદહુ) ની સદારતમાં બુસ્તાનુસ સવાબમાં ચુનંદા મુમેનીનની તા.૬ જુમાદિલ આખર ૧૪૨૭ ના દિન અને મુમેનાત ની તા.૨૦ જુમાદિલ આખર ૧૪૨૭ ના દિન એક ખુસૂસી મીટીંગ રાખવામાં આવી હતી. સાહબે દાઅવતે મુમેનીન અને મુમેનાત દરમિયાન નિસ્બત અને રિશ્તેદારીમાં પૈશ આવતી તકલીફો અને ગૈર કૌમની દીકરીઓના આવવાથી ચંદ મુમેનીનના ઘરોમાં જે બદ અખ્લાકી અને બેરાહોરવી થાય છે તેથી સાફ અને હૈરતઅંગૈઝ તસ્વીર તેમજ હકીકત બયાન કરીને તમામ પર વાઝેહ કરી દીધું કે, આ મસ્અલો ઘણો જ સંગીન, કાબિલે ફિક્ર અને લાઈકે બહેસ છે કે કૌમના હર સંજીદાહ અને ગૌરો ફિક્ર કરનાર મુમિનને આ ખરાબીને રોકવાની કોશિશ કરવી જોઈએ.

સાહબે દાઅવતે પોતાના કલામ ઈખ્તેતામ કીધા બાદ ફરમાન કીધું કે, હાઝેરીન મુમેનીન અને મુમેનાતમાંથી જેઓ તહે દિલથી જમાઅતમાં રિશ્તેદારીની રસમમાં ઈસ્લાહ કરવા માંગતા હોય અને જેમાં જઝબએ ખિદમતે મુમેનીન હોય તેઓ દાઅવતમાં અરઝ કરીને એક એવી મઝબૂત અને કારઆમદ અંજુમનની તશ્કીલ દાઅવતની હિદાયતને માતહત આપે જેનાથી આવા સમાજી મસ્અલાના હલ વાસ્તે કારગર-મોઅસ્સિર ઈકદામાત લઈ શકાય. લેહાઝા મુમેનાતમાંથી એક અંજુમનની તશ્કીલ અપાય ચુકી છે જેના માતહત ઈન્શાઅલ્લાહ જમાઅતની બેહતરીની ખૈર ખિદમતની ઉમ્મીદ રાખી શકાશે.

આ સિલસિલામાં એવા **માઅકૂલ મશ્વરાઓ** જે મુમેનીન-મુમેનાત તરફથી સાહબે દાઅવતને અરઝ થયેલા છે તે નીચે મુજબ છે :

(૧) જે લોગો ગૈર કૌમની દીકરીઓ લાવે તેમનાં જમાઅતના મુમેનીન સાથેના રિશ્તા-તઅલ્લુકમાં ફરક કરવામાં આવે અને દરજો ઘટાડવામાં આવે.
(૨) જેઓની દીકરીઓ બીજી જમાઅતમાં ગયેલી છે યા જાવાનાં અખ્બાર મીલેલા છે તેઓનો સામાજીક બહિષ્કાર કરવામાં આવે.
(૩) જે દીકરાઓ ગૈર કૌમની દીકરીઓ લાવે છે તેનો નિકાહ પઢવામાં સાહબે દાઅવતને નઝરે સાની કરવી જોઈએ.
(૪) ગૈર જમાઅતની દીકરીઓને અપની જમાઅતની રીત-રસ્મો અને અકીદાની બરાબર તાઅલીમ આપવામાં આવે.
(૫) મીસાક પહેલા ગૈર કૌમની દીકરીને પાકી અને નમાઝની પૂરી તાઅલીમ આપવામાં આવે.
(૬) કોઈ અંજુમનને માતહત નિસ્બત વાસ્તે સુહૂલત થાય એ વાસ્તે મેરેજ બ્યુરો કાઈમ કરવામાં આવે.
(૭) હવે દીકરીવાલાને પણ દીકરાવાલાને ત્યાં નિસ્બતની પૈશકશ યા તજવીઝ કરવાની રગબત આપવામાં આવે.
(૮) ગૈર કૌમની શાદીશુદા દીકરીઓ જેઓએ તહેદિલથી અપની અલવીયતને કુબૂલ કીધેલી છે અને જમાઅતમાં વફાદારી સાથે રહે છે તેઓ સાથે મસ્જિદ, મઝાર અને જમાઅતખાનામાં ખૈર સુલૂક કરવામાં આવે.
(૯) ગૈર કૌમની દીકરીઓ જેઓ અપની જમાઅતમાં આવેલા છે તેમના ઘરોના માહૌલની વક્તન ફ વક્તન દાઅવત તરફથી પૂછપરછ કરવામાં આવે.
(૧૦) જે દીકરીઓની ઉંમર વધી ગઈ છે અને નિસ્બત નથી થઈ તેમને બોલાવીને નિસ્બત વાસ્તે સમઝાવવામાં આવે.
(૧૧) નિસ્બત વાસ્તે જેઓ ઝિયાદહ તર માંગનાને ઠુકરાવી દે છે અને ગૈર ઝરૂરી સવાલો કરે છે તેઓને સમઝાવવામાં આવે.
(૧૨) ગૈર નિસ્બતશુદા દીકરા-દીકરીઓને કોઈ અંજુમનના ઝૈર જમાઅ કરવામાં આવે અને તેમના દરમિયાન રિશ્તેદારીની કોશિશ કરવામાં આવે.
(૧૩) અલ-હાદી અખ્બારમાં ગૈર નિસ્બતશુદા દીકરા-દીકરીઓની નિસ્બત વાસ્તે ઝાહેરાત કુબૂલ કરવામાં આવે.
(૧૪) જે દીકરાઓ સીવીલ મેરેજ કરીને ગૈર કૌમની દીકરીઓને અપના નિકાહ થયા બગૈર ઘરમાં બેસાડી દે છે તેને ખિલાફ સખ્તમાં સખ્ત કદમ લેવામાં આવે.
(૧૫) જમાઅતના એવા લોગો જે એમ કહે છે કે, અમારા દીકરા-દીકરી વાસ્તે તો જમાઅતમાં કોઈ લાઈક રિશ્તેદારી જ નથી, તેઓને જમાઅત માંથી ખારિજ કરવામાં આવે.
(૧૬) સગાવ્હાલાઓ -રિશ્તેદારોમાં અંદર અંદર જ દીકરા-દીકરીની નિસ્બત વાસ્તે વધારે તદબીર કરવામાં આવે.
(૧૭) તાઅલીમ-યાફતા ઉમ્દા પગારદાર ગૈર નિસ્બતશુદા દીકરા-દીકરીઓ અને દૌલતમંદ ઘરાનાના ગૈર નિસ્બતશુદા દીકરાઓની નિસ્બત અપની જમાઅતમાં થાવી જોઈએ સબબ કે, અપની જમાઅતની ઈલ્મી અને માલી દૌલતનો ફાયદો બીજા ગૈર કૌમના લોગો ઉઠાવે એ હરગિઝ ન થાવું જોઈએ. અપની જમાઅતની દૌલતનો ફૈઝ જમાઅતના જ દીકરા-દીકરી ઉઠાવે એવી તદબીર કરવામાં આવે.

મુમેનીન-મુમેનાતના આ તમામ મશ્વરાઓ પર હત્તલ ઈમ્કાન દાઅવતે હાદીયાહ ગૌરો ખૌઝ કરીને જે ચીઝો પર પાબંદી અને તાકીદથી અમલ થઈ શકે અને જે પર તાઅમીલ કરવાથી જમાઅતમાં બેહતરી, તન્ઝીમ અને અદબ લાવી શકાય તેને રાઈજ અને દાખિલ કરવામાં પૂરી કોશિશ કરશે. આખિરકાર સાહબે દાઅવતની હર વક્ત એ ઉમ્મીદ હોય છે કે, જમાઅતની તરક્કી અને બલંદી વાસ્તે હર કોશિશને કામિયાબ બનાવવા કૌમનો હર અદના-આઅલા ફર્દ શરીકે હાલ થાય. ★